|| શ્રી મહાવીરાય નમઃ||

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

**Website :** www.jainshikshan.org **E mail :** jainshikshanboard@gmail. com

**૧૧ જાન્યુઆરી ૨૦૨૬ મહિલા મંડળ કુલ ગુણ : ૧૦૦**

**સૂચના : ૧) જે પ્રમાણે સવાલ પૂછ્યા હોય તે જ પ્રમાણે જવાબ લખવા. વાર્તા કે થોકડાના લાંબા જવાબ લખવા નહિ.**
**૨) આપના જવાબ પેપરમાં આપે ઓપન બુક આપી છે કે રેગ્યુલર તે ખાસ લખજો. જેમણે નહીં લખ્યું હોય તેમનો નંબર આવશે તો પણ નંબર આપવામાં નહીં આવે.**

**શ્રેણી – ૨૦**

| | | | |
|---|---|---|---|
| STUDENT NAME | | ROLL NO. | |
| DATE OF BIRTH | | MOBILE NO. | |
| OPEN /REGULAR | | WRITER YES/NO | |
| SANGH NAME | | SUPARVISOR SIGN | |
| MAHILA MANDAL | | TOTAL MARKS | |

(૨૦)

**પ્ર.૧ (અ) સામાયિક–પ્રતિક્રમણના આધારે લખો. (૧૦)**

**(૧) નીચેના પાઠની પૂર્તિ કરો. (૬)**

૧. પાખી પ્રતિક્રમણનો પાંચમો આવશ્યક લખો. **પક્ખિય પાયચ્છિત્ત વિશુદ્ધનાર્થં કરેમિ કાઉસ્સગ્ગં**

૨. પીડાકારી **સ અપરાધી વિગલેન્દ્રિય વિના આકુટ્ટી હણવા નિમિત્તે** હણવાના

૩. પરિસહોવસગ્ગા **ફાસાકુસંતુ એયં પિ ય ણં ચરમેહિં ઉસ્સાસ નિસ્સાસેહિં** વોસિરામિ

**(૨) નીચેનામાં માગધી શબ્દ લખી કયા પાઠમાં છે? તે લખો. (૪)**

૧. ત્રિદોષ થાય **સન્નિવાઈયં** **સંથારાના પાઠમાં**

૨. પોતાના તથા સંબંધીના **સ્વસંબંધી** **પહેલા વ્રતમાં**

૩. પાલના કરું છું **પાલેમિ** **પાંચમા શ્રમણસૂત્રમાં**

૪. મૂળથી નાશ કરવા માટે **નિગ્ઘાયણટ્ઠાએ** **સામાયિકના ચોથા પાઠમાં**

**(આ) બીજા કર્મગ્રંથના આધારે જવાબ લખો. (૧૦)**

**(૧) નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો. (૫)**

૧. સિદ્ધાંતની અપેક્ષાએ વાટે વહેતા નારકીને કયા ગુણસ્થાન હોય? **પહેલું, બીજું, ચોથું.**

૨. ત્રીજા ગુણસ્થાને કેટલી આનુપૂર્વીનો ઉદય છે? શા માટે? **એકપણ નહિ કારણ કે અમર ગુણસ્થાન છે.**

૩. અગુરુલઘુ ચોકમાં કઈ પ્રકૃતિઓ આવે? **અગુરુલઘુ, ઉપઘાત, પરાઘાત, શ્વાસોચ્છ્વાસ.**

૪. ઉદીરણા માટે શું ઉદા. આપ્યું છે? **કાચી કેરીને કેમિકલ પાઉડર વગેરે વડે સમય પહેલાં પકાવી લઈએ.**

૫. ઉપશમ સમકિતીને ઉપશમ શ્રેણીમાં કેટલા અને ક્યા સંસ્થાનનો ઉદય છે?

**છ. સમચતુરંસ્ર, ન્યગ્રોધ પરિમંડળ, સાદિ, વામન, કુબ્જ, હુંડ.**

**(૨) નીચેની પ્રકૃતિનો ઉદય ક્યાં સુધી? ઉદય વિચ્છેદ ક્યારે?** **(૫)**

| | ઉદય | ઉદય વિચ્છેદ |
|---|---|---|
| ૧. લીલી હળદર | **૧ લે ગુણસ્થાને** | **૧ લા ગુણસ્થાન છેડે** |
| ૨. અપયશ નામ | **૧ થી ૪ ગુણસ્થાન સુધી** | **૪ થા ગુણસ્થાનના છેડે** |
| ૩. લાભાંતરાય | **૧ થી ૧૨ ગુણસ્થાન સુધી** | **૧૨ મા ગુણસ્થાનના છેડે** |
| ૪. સંજવલન માન | **૧ થી ૯ ગુણસ્થાને** | **૯ મા ગુણસ્થાન છેડે** |
| ૫. નીચ ગોત્ર | **૧ થી ૫ ગુણસ્થાને** | **૫ મા ગુણસ્થાનના છેડે** |

**(૫)**

**પ્ર.૨ આચારાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ એક શબ્દમાં લખો.**

૧. જે આત્મા છે તે કોણ છે? **વિજ્ઞાતા**

૨. ધર્મ કોને પાર કરનાર માટે આશ્રયનું સ્થાન છે? **સંસારસમુદ્ર**

૩. શેને યોગ્ય સાધન મળવા જ દુર્લભ છે? **ભાવયુદ્ધ**

૪. સાધકોની કઈ ગતિને જોવાની છે? **આરાધક**

૫. ક્યા કામભોગનો ત્યાગ કરવો ઘણો કઠીન છે? **શબ્દાદિ**

**(૧૦)**

**પ્ર.૩ ઠાણાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ માંગ્યા પ્રમાણે લખો.**

૧. તિર્યંચ સિવાય કઈ સેનાઓ બતાવી છે? બે શબ્દમાં લખો. **પાયદળસેના, રથસેના.**

૨. અનર્થ દંડ એટલે શું? **પ્રયોજન વિના જીવ ઘાત થાય તેવા કાર્ય કરવા.**

૩. ભોજન પરિમાણ એટલે શું? **ભૂખ લાગવી.**

૪. સુધર્મા સભા શું છે? **દેવોની સભા–મળવાનું સ્થાન.**

૫. તિર્યંચમાં કોણ જાય છે? **સાથળથી નીકળેલો જીવ.**

૬. પીડિત વાયુ એટલે શું? **ભીના વસ્ત્રાદિને ઝાટકવાથી ઉત્પન્ન થતો વાયુ.**

૭. કેવળી ભગવાન ઉપસર્ગોને કેવી રીતે સહન કરે છે? એક શબ્દમાં લખો. **અવિચલભાવે.**

૮. શ્રમણોની વ્યવસ્થામાં શેની પ્રધાનતા હોય છે? એક શબ્દમાં લખો. **આગમ.**

૯. સૂત્ર વાંચનાનું ત્રીજું કારણ લખો. **કર્મોની નિર્જરા કરવા માટે.**

૧૦. પાંચમું દુર્ગમ સ્થાન કયું છે? **સંયમનું પાલન અને ધર્મનું આચરણ કરવું.**

(૧૦)

**પ્ર. ૪ જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ કૌંસમાં આપેલા આંકડા પ્રમાણે લખો.**

૧. ધન્ય સાર્થવાહ કોને સાથે લઈ જવાનું કહેતા હતા? (૭)

**ચરક, વૃદ્ધ શ્રાવકો, ગૃહસ્થો, ભિક્ષુકો, નિર્ગ્રંથ સાધુઓ, બ્રાહ્મણો, પરિવ્રાજકો.**

૨. આસક્ત ન થાય તે કોના પૂજનીય બને છે? (૪) **શ્રમણ, શ્રમણીઓ, શ્રાવક, શ્રાવિકાઓ.**

૩. સાર્થવાહની વાત પર શું ન કર્યું? (૩) **શ્રદ્ધા, પ્રતિતી, રુચિ.**

૪ . ગણિમમાં કોનો સમાવેશ થાય છે? (૫) **નારિયેળ, ગોળ, ધાન્ય, સોનું, રત્ન.**

૫. અહિચ્છત્રા નગરીના સ્થાને શું છે? (૧) **નિર્વાણ.**

**અથવા**

**પ્ર. ૪ જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ કૌંસમાં આપેલા આંકડા પ્રમાણે લખો.**

૧. ચિલાત દાસપુત્ર હેરાન કરતો ત્યારે બાળકો શું કરતા હતા? (૪)

**રડતા, રાડો પાડતા, શોક કરતા, ફરિયાદો કરતા.**

૨. શ્રમણ શેના માટે આહાર કરતા નથી? (૪) **વર્ણ, રૂપ, બળ, વિષયવૃદ્ધિ**

૩. વિજય ચોર કેવો હતો? (૪) **અધર્મી, ક્રૂર, દઢપ્રહારી, કુખ્યાત.**

૪. વિજય ચોર કોના માટે શરણભૂત હતો? (૪) **ચોરો, દેશદ્રોહીઓ, વિશ્વાસઘાતીઓ, અપરાધીઓ.**

૫. ચિલાત ધન્ય સાર્થવાહના ઘરે શું લૂંટવા ગયો? (૪) **ધન , કનક, રૂપું, સુંસુમા.**

(૧૦)

**પ્ર. ૫ અંતગડ સૂત્રના આધારે ખાલી જગ્યા પૂરો.**

૧. આ પદ્માવતી દેવી મારા ...... છે, મને તે ...... છે, ...... છે, ...... છે. તેને હું આપને ...... રૂપમાં આપું છું.

**પટરાણી, ઈષ્ટ, પ્રિય, ગુણવાન, શિષ્યા**

૨. પુંડ્ર જનપદના ...... નગરમાં ...... નામના ...... તીર્થંકર થશો. **શતદ્વાર, અમમ, બારમા**

૩. હું અપુણ્ય છું, જેના કારણે ......, ...... અને માનવીય ...... માં ......, ...... તેમજ ...... છું.

**રાજ્ય, અંત:પુર, કામભોગોમાં, ગૃદ્ધ, આસક્ત, મૂર્ચ્છિત**

૪. પદ્માવતી આર્યા ઘણા ......, ......, ......, ......, ......, ...... આદિ તપ દ્વારા આત્માને ભાવિત કરવા લાગ્યા.

**ઉપવાસ, છટ્ઠ, અટ્ઠમ, ચોલા, અર્ધમાસખમણ, માસખમણ**

**અથવા**

**પ્ર. ૫ નિરયાવલિકા સૂત્રના આધારે લખો.**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબના બે શબ્દોમાં લખો.**

૧. કયા બગીચા સુશોભિત થઈ ગયા? **આમ્રવન, પુષ્પવાડી**

૨. દેવોની આજ્ઞાથી કઈ સામગ્રી ગ્રહણ કરવામાં આવે છે? **યજ્ઞસામગ્રી, ખાદ્યસામગ્રી**

૩. દેવે સોમિલને શું કર્યું? **વંદન, નમસ્કાર**

૪. ભગવાન પાસે કોણ ગયું? **પરિષદ, સોમિલ**

૫. સોમિલ શેનાથી ચ્યુત થઈને શેને પ્રાપ્ત થયો? **શ્રાવકધર્મ, મિથ્યાત્વ**

૬. સોમિલે કેટલી સંલેખના કરીને કેટલા ભક્ત ભોજનનો ત્યાગ કર્યો? **અર્ધમાસિક, ત્રીસ**

૭. સોમિલ શું ન કરવાથી વિરાધક બન્યા? **આલોચના, પ્રતિક્રમણ**

૮. શુક્રદેવે ભગવાન પાસે શેનું પ્રદર્શન કર્યું? **ઋદ્ધિ, નાટક**

૯. કોને બલિ તર્પણ કરી શેનાથી મુખ બાંધી ધ્યાનમાં બેસી ગયા? **અગ્નિદેવતા, કાષ્ઠમુદ્રા**

૧૦. સોમિલે કઈ પ્રવ્રજ્યા લેવાનો અને કઈ તપસ્યા કરવાનો વિચાર કર્યો? **દિશાપ્રોક્ષિક, ચક્રવાત**

**(૧૫)**

**પ્ર.૬ ઉત્તરાધ્યયન સૂત્રના આધારે નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો.**

૧. વુચ્છિંદ **સિણેહમપ્પણો, કુમુયં સારઈયં વ પાણિયં।**

**સે સવ્વ સિણેહ વજ્જિએ, સમયં ગોયમ !** મા પમાયએ ॥

**અર્થ : જેમ શરદઋતુમાં ચંદ્રવિકાસી કમળ પાણીમાં ઉત્પન્ન થવા છતાં પાણીથી નિરાળું રહે છે, તેમ પોતાના સ્નેહને દૂર કર અને બધા પ્રકારના સ્નેહની આસક્તિથી રહિત થઈ, હે ગૌતમ ! સમય માત્રનો પણ પ્રમાદ ન કર.**

૨. લદ્ધૂણ **વિ આરિયત્તણં, અહીણ પંચદિયયા હુ દુલ્લહા ।** **(ગાથા ૧૬/૧૭/૧૯ ત્રણમાંથી કોઈપણ એક)**

**વિગલિંદિયયા હુ દીસઈ, સમયં ગોયમ ! મા** પમાયએ ॥

**અર્થ : આર્યત્વ મળવા છતાં પાંચ ઈન્દ્રિયોની પરિપૂર્ણતા પ્રાપ્ત થવી દુર્લભ છે કેમ કે ઘણા જીવો વિકલાંગ જોવામાં આવે છે, તેથી હે ગૌતમ ! સમયમાત્રનો પણ પ્રમાદ ન કર.**

૩. દુલ્લહે **ખલુ માણુસે ભવે, ચિરકાલેણ વિ સવ્વપાણિણં ।**

**ગાઢા ય વિવાગ કમ્મુણો, સમયં ગોયમ ! મા** પમાયએ ॥

**અર્થ : કર્મોના ગાઢ ઉદયને લીધે તમામ પ્રાણીઓને ચિરકાળ સુધી મનુષ્યભવની પ્રાપ્તિ થવી અતિદુર્લભ છે**

**તેથી હે ગૌતમ ! સમય માત્રનો પણ પ્રમાદ ન કર.**

૪. પુઢવી **કાય મઈગઓ, ઉક્કોસં જીવો ઉ સંવસે । કાલં સંખાઈયં, સમયં ગોયમ ! મા** પમાયએ ॥

**અર્થ : પૃથ્વીકાયમાં ઉત્પન્ન થયેલો જીવ તેમાં ને તેમાં જન્મ–મરણ કરતા ઉત્કૃષ્ટ અસંખ્યાતકાળ પસાર કરે છે, તેથી હે ગૌતમ ! મનુષ્યદેહમાં ધર્મ આરાધના કરવામાં સમયમાત્રનો પ્રમાદ ન કર.**

૫. સ્પર્શની શક્તિ ક્ષીણ થતી જાય છે.

પરિજૂરઈ **તે સરીરયં, કેસા પંડુરયા હવંતિ તે । સે ફાસબલે ય હાયઈ, સમયં ગોયમ ! મા** પમાયએ ॥

**અર્થ : તમારું શરીર જીર્ણ – નબળું થતું જાય છે. કેશ સફેદ થઈ રહ્યા છે, તમારી સ્પર્શનેન્દ્રિય – સ્પર્શ કરવાની શક્તિ ક્ષીણ થતી જાય છે, તેથી હે ગૌતમ ! સમય માત્રનો પણ પ્રમાદ ન કર.**

**(૧૦)**

**પ્ર. ૭ ભગવતી સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ માંગ્યા પ્રમાણે લખો.**

૧. વ્યાખ્યા લખો. સાવચય, અવક્તવ્ય સંચય, અવસ્થિત, વિરહકાળ **(૪)**

સાવચય – **હાનિ. પહેલા જેટલા જીવો હોય તેમાંથી કેટલાક જીવો મરી જાય.**

અવક્તવ્ય સંચય – **નારકી આદિ ૨૪ દંડકમાં જ્યાં એક સમયમાં એક જીવ ઉત્પન્ન થાય છે.**

અવસ્થિત – **જીવોની સંખ્યા ન વધે, ન ઘટે.**

વિરહકાળ – **કોઇ જીવ ઉત્પન્ન થતા નથી કે મૃત્યુ પણ પામતા નથી.**

**૨. નીચેના વાક્યો સાચા છે કે ખોટા? ખોટા હોય તે સુધારીને લખો. (૬)**

૧. સિદ્ધમાં હિયમાણ હોય છે. **ખોટું. સિદ્ધમાં હિયમાણ નથી./સિદ્ધમાં વડ્ઢમાણ, અવસ્થિત હોય છે.**

૨. સમુચ્ચય જીવ શાશ્વત છે. **સાચું.**

૩. ત્રીજી નરકમાં અવસ્થાનકાળ ૧૫ દિવસ છે. **ખોટું. ત્રીજી નરકમાં અવસ્થાનકાળ ૩૦ દિવસ છે.**

૪. ગુલાબમાં માત્ર ક્તસંચય હોય છે. **ખોટું. ગુલાબમાં માત્ર અક્ત સંચય હોય છે.**

૫. પૃથ્વીકાયમાં સાવચયની સ્થિત ઉ. ૮ સમયની છે.

**ખોટું. પૃથ્વીકાયમાં સાવચયની સ્થિતિ ઉ. આવલિકાના અસંખ્યાતમા ભાગની છે.**

૬. નારકીમાં ક્ત સંચય કરતા અક્ત સંચય વધારે છે. **સાચું.**

**(૧૦)**

**પ્ર. ૮ પન્નવણા સૂત્રના આધારે લખો.**

**(૧)** યોગ્ય વિકલ્પ પર ટીક કરો.

૧) સંજ્ઞી વૈક્રિય દંડકના સ્વામી કેટલા છે? (૧૭, ૧૪, **૧૬**)

૨) ઔદારિકના દ્રવ્ય કરતા આહારકના પ્રદેશ કેટલા વધારે છે? (**અનંતગુણ,** અસંખ્યાતગુણ, વિશેષાધિક)

૩) સર્વ લોકમાં જવાનો વિષય કોનો છે? (ઔદારિક, આહારક, **તૈજસ**)

૪) આહારક શરીરમાં કયા શરીર ન હોય? (ઔદારિક, કાર્મણ, **વૈક્રિય**)

૫) વૈક્રિય શરીરવાળા નિયમા કેટલી દિશાનો આહાર લે? (ચાર, **છ,** પાંચ)

૬) કાર્મણ શરીરનું પ્રયોજન કોને આકર્ષવાનું હોય છે? (પુદ્ગલ, **આહાર,** કાર્મણના પુદ્ગલ)

૭) જઘન્ય અને ઉત્કૃષ્ટ સરખી સ્થિતિ કયા શરીરની છે? (**આહારક,** ઔદારિક, વૈક્રિય)

૮) નારકીને ઉત્તર વૈક્રિયમાં કયું સંસ્થાન હોય? (સમચતુરંસ, છ સંસ્થાન, **હુંડ**)

૯) કયું શરીર લોકમાં ભજનાએ હોય? (ઔદારિક, **આહારક,** કાર્મણ)

૧૦) કયા શરીરની ભવધારિણી અવગાહના સૌથી મોટી છે? (**ઔદારિક,** કાર્મણ, વૈક્રિય)

(૧૦)

**પ્ર. ૯ (૧) કોઠો બનાવીને માર્ગણા લખો.** **(૮)**

**જ.**

| માર્ગણા | ના. | તિ. | મનુ. | દેવ | સમજૂતી | કુલ ભેદ |
|---|---|---|---|---|---|---|
| ૧. તેજોલેશી એકેન્દ્રિયમાં | **0** | 3 | 0 | **0** | **બાદર પૃથ્વી, અપ, વનસ્પતિ એ ૩ ના અપર્યાપ્તા** | **૩** |
| ૨. અધોલોક વચનયોગી દેવોમાં | **0** | **0** | **0** | **૨૫** | **૧૦ ભવનપતિ અને ૧૫ પરમાધામી એ ૨૫ ના પર્યાપ્તા** | **૨૫** |
| ૩. મિશ્રદૃષ્ટિ ગર્ભજમાં | **0** | **૫** | **૧૫** | **0** | **૫ સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય+૧૫ કર્મભૂમિ એ ૨૦ ના પર્યાપ્તા** | **૨૦** |
| ૪. ઊર્ધ્વલોક નોગર્ભજ તેજોલેશ્યામાં | **0** | **૩** | **0** | **૬** | **બાદર પૃથ્વી, અપ, વનસ્પતિ એ ૩ ના અપર્યાપ્તા+૧ લું, ૨ જું દેવલોક, ૧ લું કિલ્વિષી એ ૩ ના અપર્યા. પર્યા.** | **૯** |

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ માંગ્યા પ્રમાણે લખો.** **(૨)**

૧. સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયને ઊર્ધ્વલોકમાં શા માટે લીધા છે? **મેરુપર્વતના વનમાં હોય છે તે આશ્રી.**

૨. મહાવિદેહની વિજય કેટલા યોજન અધોલોકમાં ગઈ છે? એક શબ્દમાં લખો. **૧૦૦ યોજન**

**જય – જિનેન્દ્ર**

❋ **NEXT CLASS STARTS FEBRUARY 2ND/3RD MONDAY AND TUESDAY.**